**પોલીસે પૂછપરછ દરમિયાન 70થી વધુ ગુનાઓનો ભેદ ઉકેલી વધુ કાર્યવાહી હાથ ધરી**

## દાહોદમાં આંતરરાજ્ય કુખ્યાત ગેંગના બે આરોપી ઝડપાયા

**ભોપાલના** આરોપીઓનો 6 રાજ્યોમાં ગુનાખોરીનો ઇતિહાસ



(પ્રતિનિધિ) દાહોદ, તા.13

દાહોદ શહેરમાં લોકોને ધમકાવી, ડરાવી અને હાથચાલાકી કરી દાગીના લૂંટવાની ફિરાકમાં રહેલી આંતરરાજ્ય ગેંગના બે આરોપીઓને દાહોદ પોલીસે ઝડપી પાડ્યા છે. એક જાગૃત નાગરિકે આ શખ્સોની શંકાસ્પદ હરકતોની જાણ પોલીસને કરતાં તાત્કાલિક શોધખોળ શરૂ કરવામાં આવી હતી. આ દરમિયાન પોલીસે બે શખ્સો અને બે મોટરસાયકલો જપ્ત કરી. પ્રાથમિક તપાસમાં બંને મોટરસાયકલ ચોરીની હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આરોપીઓની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી, જેમાં મોટરસાયકલોની નંબર પ્લેટ અને એન્જિન નંબરમાં વિસંગતતા જોવા મળી. આધારે, આરોપીઓની ઓળખ મહંમદ સૈયદ (રહે. હનુમાનગંજ, ભોપાલ) અને ઝુલ્ફિકાર ઈરાની (રહે. ભોપાલ) તરીકે થઈ. મહંમદ સૈયદ પર 15 ગુનાઓ, જ્યારે ઝુલ્ફિકાર ઈરાની પર ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને હવે ગુજરાતમાં કુલ 55 ગુનાઓ નોંધાયેલા છે. આ ગુનાઓમાં ચોરી, લૂંટ, છેડતી અને છેતરપિંડી જેવા ગંભીર અપરાધોનો સમાવેશ થાય છે.

પૂછપરછ દરમિયાન આરોપીઓએ પોતાના ગુનાહિત ઈતિહાસના ચોંકાવનારા ખુલાસા કર્યા, જેમાં 70થી વધુ ગુનાઓનો આંકડો સામે આવ્યો. આ ગેંગની મોડસ ઓપરેન્ડી અનુસાર, તેઓ કોઈપણ રાજ્યમાં પ્રવેશતાં પહેલાં વિસ્તારની રેકી કરતા, લોકોની માનસિકતા સમજી ધમકીઓ આપી ચોરી અને લૂંટની ઘટનાઓને અંજામ આપતા. દાહોદમાં પણ તેઓ આવી જ ગુનાહિત યોજના ઘડી રહ્યા હતા, પરંતુ જાગૃત નાગરિક અને પોલીસની ત્વરિત કાર્યવાહીથી તેમની યોજના નિષ્ફળ રહી.

દાહોદના બી ડિવિઝન પોલીસ મથકે બંને આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. પોલીસે આ ગેંગના અન્ય બે સભ્યો, રિઝવાન ઈરાની અને સૈફુ મનોજ ખાન (બંને રહે. ભોપાલ),ને ઝડપવા ટેકનિકલ અને માનવીય સંસાધનોનો ઉપયોગ કરીને શોધખોળ શરૂ કરી છે.

## જેતપુરપાવી વસવા નદીના કોતર પાસે અજાણ્યા ઈસમનો મૃતદેહ મળ્યો



(પ્રતિનિધિ) દાહોદ, તા.13

જેતપુરપાવી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર જેતપુરપાવી વસવા નદીના કોતર પાસે કોઈ અગમ્ય કારણોસર મરણ થયેલ હાલતમાં મળી આવેલ હોય જેના શરીરે મરુન કલરનું સફેદ ટપકાવાળું લાંબી બાયનું શર્ટ અને કમ્મરે વાદળી કલરનું જીન્સનું પેન્ટ પહેરેલ છે. જમણા હાથે અંગ્રેજી અક્ષરમાં V.L છુંદાણનું નિશાન જણાય આવેળ છે. સદર લાશની જાણકારી આપવા વિનંતી છે એમ જેતપુરપાવી પોલીસ ઈન્સ્પેકટરની યાદીમાં જણાવ્યું છે.

**નાગરિકોની સુખાકારી માટે 35 કરોડના ખર્ચે નવો પુલ બનશે**

## પાવીજેતપુર ભારજ નદી પર નવીન પુલ બનાવવા માટે ખાતમૂહુર્ત કરવામાં આવ્યું

**પુલનું** નિર્માણકાર્ય આગામી 18 મહિનામાં પૂર્ણ કરવાનું લક્ષ્ય




(પ્રતિનિધિ) દાહોદ, તા.13

પાવીજેતપુર ભારજ નદી પર પાવીજેતપુરના સિહોદ પાસે 35 કરોડના ખર્ચે પુલનું ખાતમુહૂર્ત છોટાઉદેપુર સાંસદ દ્વારા કરવામાં આવ્યું હતું ભારજ નદી પર 18 મહિનામાં નવો પુલ બનશે તેમ છોટાઉદેપુર સાંસદ જશુભાઈ રાઠવા એ કહ્યું હતું અને આ પુલનું ભૂમિ પૂજન સાંસદ જશુ રાઠવાએ કર્યું હતું છોટા ઉદેપુર જિલ્લાના નેશનલ હાઈવે 56 પર નવા પુલનું નિર્માણ શરૂ થશે. આ પુલ ભારજ નદી પર બનશે. અગાઉનો પુલ 28 જુલાઈ 2023ના રોજ બેસી ગયો હતો. ત્યાર બાદ ઓલ વેધર ડાયવર્ઝન બનાવવામાં આવ્યું હતું તે પણ વરસાદી પાણી આવતા ધોવાઈ ગયું હતું ત્યારબાદ 4 કરોડના ખર્ચે ફરી ઓલવેધર ડાયવર્ઝન બનાવવામાં આવ્યું હતું.

ડાયવર્ઝન તૂટવાને કારણે છોટાઉદેપુર જિલ્લો બે ભાગમાં વહેંચાઈ ગયો હતો. સ્થાનિક લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કેન્દ્ર સરકારે નવા પુલના નિર્માણ માટે 35 કરોડ રૂપિયાની મંજૂરી આપી છે.આજે સાંસદ જશુભાઈ રાઠવાના હસ્તે પુલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. કાર્યક્રમમાં પાવી જેતપુરના ધારાસભ્ય જયંતિ રાઠવા, સંખેડાના ધારાસભ્ય અભેસિંહ તડવી અને પૂર્વ કેન્દ્રીય રાજ્યમંત્રી નારણ રાઠવા ઉપસ્થિત રહ્યા હતા. પુલનું નિર્માણકાર્ય આગામી 18 મહિનામાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. પાવીજેતપુર ભારજ નદી પર 35 કરોડના ખર્ચે નવો પુલ બનશે સાંસદ જશુ રાઠવાએ કર્યું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું

**ઝળહળતા તેજસ્વી તારલાઓને સંસ્થા તરફથી અભિનંદન પાઠવાયા**

## શ્રી સરસ્વતી વિદ્યા મંદિર ,દાહોદનું ધોરણ 10CBSEનું 83% પરિણામ







(પ્રતિનિધિ) દાહોદ, તા.13

અખિલ ભારતીય શિક્ષા સંસ્થાન વિદ્યા ભારતી સાથે સંબદ્ધ અખિલ ભારતીય શિક્ષા સંસ્થાન વિદ્યાભારતી સંસ્કારો ,રાષ્ટ્ર પ્રેમ સહિત શિક્ષણના ઉદ્દેશ્ય થી ૩૨૦૦૦ થી વધારે શૈક્ષણિક સંસ્થાઓ ( શિશુ મંદિર થી લઈને ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલયો , કોલેજો , સૈનિકો સ્કૂલ, નિવાસી છાત્રાલયો વિગેરે ) સાથે કાર્યરત, વિશ્વ નું સૌથી મોટું બિન સરકારી સંગઠન છે.

જેમાં બાળકોને શિક્ષણ ની સાથે સાથે યોગ, સંગીત , શારીરિક શિક્ષણ જેવા મહત્વપૂર્ણ વિષયો નું જ્ઞાન અપાય છે. આ પૈકી દાહોદ માંડવાવ રોડ પર સ્થિત શ્રી સરસ્વતી વિદ્યા મંદિર વર્ષ ૧૯૯૬ થી કાર્યરત છે. વિગત વર્ષો જેમ આ વર્ષે પણ વિદ્યાલય માં ધોરણ -૧૦ માં બોર્ડની પરીક્ષાનું પરિણામ ૮૩% આવ્યું છે. જે સંસ્થા માટે ગૌરવની વાત છે.

**બે ગામના અધૂરા કામ પુરા બતાવી બિલ રજૂ કર્યા**

## મનરેગા કૌભાંડમાં કરાર આધારિત કર્મચારીના 8 દિવસના રિમાન્ડ

**35 જેટલી** માલ સપ્લાય કરતી એજન્સીઓ સામે ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો હતો

(પ્રતિનિધિ) દાહોદ, તા.13

દાહોદના મનરેગા કૌભાંડમાં દાહોદ પોલીસે વધુ એક કરાર આધારિત સરકારી કર્મચારીની ધરપકડ કરી હતી. કોર્ટે તેના આઠ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળે છે.

દેવગઢબારિયા શાખામાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતો હતો. પકડાયેલો કરાર આધારિત કર્મચારી દેવગઢ બારીયા શાખામાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતો હતો. જેણે ફરજ પ્રત્યે બેદરકારી દાખવી દેવગઢ બારીયાના બે ગામોમાં થયેલા અધૂરા કામોમાં કામ પૂર્ણ થયા હોવાનું બિલ રજુ કર્યુ હતું. દાહોદ જિલ્લામાં મનરેગા કૌભાંડ મામલે જિલ્લા વિકાસ અધિકારીએ તપાસના આદેશો આપ્યા હતા. જેમાં ત્રણ ગામોમાં પ્રાથમિક તપાસમાં અધૂરા કામોને રેકર્ડ ઉપર પૂર્ણ બતાવી બિલો પાસ કરાવી દીધા હતા. ૩૫ જેટલી માલ સપ્લાય કરતી એજન્સીઓ સામે ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો હતો. અગાઉ બે એકાઉન્ટ આસિસ્ટન્ટ, બે ગ્રામ રોજગાર સેવકો સહીત ચારની ધરપકડ કરવામાં આવી હતી. જો કે તે પછી દેવગઢ બારિયા તેમજ ધાનપુરની મનરેગા શાખાને તાળા મારી દીધા હતા.દસ્તાવેજો જે કચેરીમાં પડ્યા છે.ત્યાં સીસીટીવી કેમેરા ગોઠવી દેવામાં આવ્યા હતા.

**એસઓજી પોલીસે રૂ.70,850નો મુદ્દામાલ કબજે લીધો**

## ધાનપુરના ઘડા ગામમાં મકાનમાંથી 7 કિલો ગાંજા સાથે એકની અટકાયત



(પ્રતિનિધિ) દાહોદ, તા.13

દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના ઘડા ગામે નિચવાસ ફળીયામાં ઘરમાં ગાંજો રાખી વેચાણ કરતા આરોપીને કુલ ૭.૦૮૫ કિલોગ્રામ કિ.રૂ.૭૦,૮૫૦/- ના મુદ્દામાલ સાથે દાહોદ એસ.ઓ.જી. આરોપીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે.

દાહોદ જીલ્લાના પોલીસ અધિક્ષક ડૉ.રાજદીપસિંહ ઝાલા તરફથી નશીલા પદાર્થોની બદી સદંતર નેસ્ત નાબુદ થાય તેમજ તેની હેરાફેરી અટકાવવા તથા યુવાધનમાં નશીલા પદાર્થોના વધતા જતા ઉપયોગને રોકવા સુચનાઓ આપેલ હોય જેના અનુસંધાને એસ.ઓ.જી. શાખાના પો.ઈન્સ. એસ.જે.રાણાનાઓના માર્ગદર્શન હેઠળ પો.ઈન્સ. એન.એમ.રામી તથા પો.સબ.ઈન્સ. એમ.એમ.માળી એસ.ઓ.જી. શાખાના કર્મચારીઓ સાથે આ દિશામાં કાર્યરત હતા. તે દરમ્યાન અંગત બાતમીદારથી બાતમી મળેલ કે, દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના ઘડા ગામે નિચવાસ ફળીયામાં રહેતા બળવંતભાઇ સબુરભાઇ પટેલનાનો પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે ગાંજો રાખી વેચાણ કરે છે. જેથી બાતમી ઉપર વર્કઆઉટ કરી હકીકતવાળી જગ્યાએ પોલીસે રેઈડ કરતાં બળવંતભાઇ સબુરભાઈના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં ઝડતી તપાસ કરતા તેના મકાનમાં કાપડના પોટલામાં બે પ્લાસ્ટીકની થેલીઓમાં તેમજ ઘરમાં પડેલ પીપમાં તપાસ કરતાં એક પ્લાસ્ટીક મીણીયા થેલીમાં શંકાસ્પદ સુકા લીલા કલરના પાનબીજવાળો વનસ્પતિજન્ય માદક પદાર્થ ભરેલ મળી આવ્યો હતો. જેથી એફ.એસ.એલ. અધિકારીને સ્થળ ઉપર બોલાવી મળી આવેલ ત્રણેય થેલીઓમાંથી મળેલ સુકા લીલા કલરના પાન બીજવાળો વનસ્પતિજન્ય માદક પદાર્થનું પરિક્ષણ કરતાં તમામ થેલીઓમાં ગાંજો હોવાનું જણાઇ આવેલ જે વનસ્પતિજન્ય માદક પદાર્થ સુકો ગાંજો જેનું કુલ વજન ૭.૦૮૫ કિલોગ્રામ કુલ કિંમત રૂપિયા ૭૦,૮૫૦/- નો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો હતો.

**સંજેલીના ઈટાડી ગામે ગેરકાયદેસર બાંધકામની રાવ**

## સ્મશાનની ખરાબાવાળી સરકારી જમીનમાં ત્રણ જણાએ મકાનો બાંધી દીધા

**તલાટી** કમ મંત્રી દ્વારા ત્રણેય ઈસમો વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ

(પ્રતિનિધિ) દાહોદ, તા.13

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના ઈટાડી ગામે સ્મશાનની ખરાબાવાળી સરકારી જમીનમાં ગામમાં રહેતાં ત્રણ ઈસમોએ ગેરકાયદેસર પ્રવેશ કરી મકાનો બાંધી દેતાં આ અંગેની જાણ ગામના તલાટી કમ મંત્રીને થતાં તલાટી દ્વારા ત્રણેય ઈસમો વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હોવાનું જાણવા મળે છે. સંજેલીના ઈટાડી ગામે રહેતાં દિનેશભાઈ બીજીયાભાઈ ગણાસવા, મનસુખભાઈ સોમાભાઈ ગણાસવા અને મોતીભાઈ સોમાભાઈ ગણાસવાએ ઈટાડી ગામે સ્મશાનના ખરાબાવાળી સરકારી જમીન જેનો ખાતા નંબર-૧૪૫ જેનો જુનો સર્વે નંબર-૪૧૮ તથા નવો સર્વે નંબર-૧૫માં આવેલો સ્મશાનનો ખરાબો જેનું ફેત્રફળ-હે-આરે-ટોયમીય ૧-૧૮-૬૧વાળી જમીનમાં દિનેશભાઈએ મકાન બનાવી, ૦-૦૧-૮૪ હે.આરે.ચોમી ક્ષેત્રફળનું તથા મનસુખભાઈએ મકાન બનાવી, મોતીભાઈએ ૦-૦૧-૧૪ તથા ૦-૦૦-૭૯ હે.આર.ચોમી ક્ષેત્રફળનું તથા દબાણ કરી તેમજ કુલ ૦-૧૮-૪૯ હે.આર.ચોમી ક્ષેત્રફળનો ઉપરોક્ત ત્રણેય ઈસમોએ કબજો કરી ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી દબાણ કરી જમીન પચાવી પાડતાં આ સંબંધે ઈટાડી ગામના તલાટી કમ મંત્રી રેખાબેન હીરાભાઈ રાવતે સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો



(પ્રતિનિધિ) દાહોદ, તા.13

દેશની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને ઝાલોદ તાલુકાના સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ અને તાલુકા હેલ્થ ઓફિસરશ્રી તુષાર ભાભોરના અધ્યક્ષ સ્થાને ઝાયડસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલની મોબાઈલ ડોનેશન વાનના સહયોગ થકી આ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમ્યાન મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા રકતદાન કેમ્પમાં રક્તદાતાઓ દ્વારા સવારે 10:00 થી 04:00 વાગ્યા સુધીમાં કુલ 50 જેટલી બોટલ બ્લડ ડોનેટ કરીને દેશ પ્રત્યેનો પ્રેમ અને રાષ્ટ્રભક્તિનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ કેમ્પમાં ગરાડુ ગામના ઉત્સાહી અને સેવાભાવી મલ્ટિપર્પઝ હેલ્થ વર્કર મનીષ ભાઈ પંચાલ દ્વારા 49 મી વખત રકતદાન કરીને માનવતાનું કાર્ય કર્યું હતું.

**ઝાલોદમાં વન વિભાગની કાર્યવાહી**

## ફતેપુરા રોડ પરથી ગેરકાયદે લાકડા ભરેલું ટ્રક પકડાયું, વાહન જપ્ત

**તલાટી** કમ મંત્રી દ્વારા ત્રણેય ઈસમો વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ



(પ્રતિનિધિ) દાહોદ, તા.13

ઝાલોદમાં વન વિભાગે ફતેપુરા રોડ પર મોટી કાર્યવાહી કરી છે. વિભાગે ગેરકાયદેસર રીતે લાકડાની હેરાફેરી કરતું એક ટ્રક પકડી પાડ્યું છે. વન વિભાગની ટીમે ગુપ્ત માહિતીના આધારે આ કાર્યવાહી કરી હતી.

ટ્રકમાં મળેલા લાકડાનો જથ્થો કોઈ પણ માન્ય પાસ કે પરવાનગી વગરનો હતો. આ લાકડા ગેરકાયદેસર રીતે કાપવામાં આવ્યા હતા. તસ્કરો મોટાભાગે રાત્રીના સમયે લાકડાની હેરાફેરી કરે છે. વન વિભાગની સતર્ક ટીમે ટ્રક ડ્રાઈવર સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. ઝાલોદ પંથકમાં ગેરકાયદેસર વૃક્ષોની કપાત અને લાકડાની હેરાફેરી લાંબા સમયથી ચાલી રહી છે. આ પ્રવૃત્તિઓથી વન સંપદા અને પર્યાવરણને નુકસાન થઈ રહ્યું છે. વન વિભાગે લાકડાના સ્રોત અને હેરાફેરીમાં સંડોવાયેલા લોકોની તપાસ શરૂ કરી છે. સ્થાનિક લોકોએ વધુ સઘન પેટ્રોલિંગની માંગ કરી છે. વન વિભાગે આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવા માટે કડક પગલાં લેવાની ખાતરી આપી છે. વિભાગ ભવિષ્યમાં પણ આવી કાર્યવાહીઓ ચાલુ રાખશે. આ ઘટનાએ ઝાલોદમાં વન સંરક્ષણના મુદ્દે ફરી ચર્ચા જગાવી છે.

**પોલીસે રૂ.32.12 લાખના મુદ્દામાલ સાથે એકની અટકાયત કરી**

## મધ્ય પ્રદેશથી ડુંગળીના કટ્ટાની આડમાં લવાતો 22 લાખનો દારૂ લીમડી પોલીસે ઝડપ્યો



(પ્રતિનિધિ) લીમડી, તા.13

મધ્યપ્રદેશથી ટ્રકમાં ડુંગળીના કટ્ટાની આડમાં ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર રીતે ઘુસાડવામાં પ્રયત્ન કરવામાં આવતા 2203200ના વિદેશી દારૂ સહિત કુલ 32,12,200 ના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડી પ્રોહી ગણનાપાત્ર કેસ લીમડી પોલીસે કર્યો હતો. લીમડી પોલીસ સ્ટેશનના પીઆઇ કે કે રાજપુત તથા પીએસઆઇ એ કે કુવાડીયા તથા પોલીસ સ્ટાફનો માણસો સાથે લીમડી ચાકલિયા રોડ ઉપર વોચમાં હતા. તે દરમિયાન ચાકલીયા રોડ ઉપર ચાકલીયા તરફથી એક ટ્રક નંબર gj 31 t 4356માં ડુંગળીના કટ્ટાની આડમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ સંતાડી આવનાર હોવાની બાતમીની આધારે લીમડી ચાકલીયા રોડ ઉપર ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા ટીન બીયરની કુલ પેટીઓ નંગ 400 જેમાં કુલ બોટલો નંગ 16080 જેની કુલ કિંમત 2203200 નો પ્રોહી મુદ્દા માલ મધ્યપ્રદેશના થાંદલા ખાતેથી લાવી ગોધરા બાયપાસ આપવા જતા પ્રોહી જથ્થો તથા ટ્રક તથા અખાદ્ય ડુંગરી તથા મોબાઈલ ફોન મળી કુલ 3212200નો મુદ્દા માલ લાવનાર ઈસમ જાકીર મુસાભાઇ સલાડ ઉંમર ૩૮ ધંધો ડ્રાઈવિંગ રહે દેવગઢબારિયા સલાટ ફળિયુ જીલ્લો દાહોદના ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે.

## દાહોદ જિલ્લામાંથી બે અલગ અલગ સ્થળોએથી મોબાઈલ ફોનની ચોરી

**પોલીસે** ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.13

દાહોદ જિલ્લામાંથી બે અલગ અલગ સ્થળોએથી મોબાઈલ ફોન ચોરી થયાં હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે મોબાઈલ ફોન ચોરી થતાં મોબાઈલ માલિકો દ્વારા જેતે પોલીસ મથકે ફરિયાદ થઈ છે.

ઝાલોદના રણીયાર કણબી ગામે પણદા ફળિયામાં રહેતાં ચીમનભાઈ મણીલાલ પણદા તથા નીતાબેન એમ બંન્ને જણા ગત તા.૦૪ મેના રોજ ઝાલોદના લીમડી નગર ચાકલીયા રોડ ખાતેથી પસાર થઈ રહ્યાં હતાં. તે સમયે તેઓની પાસે રહેલ થેલીમાંથી બંન્ને મોબાઈલ ફોન પડી ગયાં હતાં અને આ મોબાઈલ ફોન કોઈ ઉઠાવીને લઈ જતાં આ સંબંધે ચીમનભાઈ મણીલાલ પણદાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોધાતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ સ્ટેશન રોડના જૈન નસીયા મંદિરની આગળથી ધોળે દિવસે લોક કરેલી બાઈકની ચોરી

**દાહોદ:** દાહોદ શહેરની કલ્યાણ સોસાયટી વિસ્તાર ખાતે રહેતાં સોમીલભાઈ નિરેનભાઈ શાહે ગત તા.૧૧મી એપ્રિલના રોજ દાહોદ શહેરના સ્ટેશન રોડ ખાતે ચાર થાંભલા વિસ્તાર ખાતે જૈન નસીયા આગળ પોતાની મોટરસાઈકલ લોક મારી પાર્ક કરી હતી. ત્યારે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**જાહેર નોટીસ**

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ફતેપુરાની કોર્ટમાં — કેસ. નં. જન્મ/ 64,65/2025

**અરજદાર:-** પારગી માલજીભાઈ મડિયાભાઈ

રહે. જલાઈ, તા. ફતેપુરા, જિ. દાહોદ — વિરૂધ્ધ

**સામાવાળા:-** તલાટી કમ મંત્રી શ્રી, ગ્રામ પંચાયત જલાઈ, તા. ફતેપુરા, જિ. દાહોદ

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિતસંબંધ ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વિષયના અરજદાર પારગી માલજીભાઈ મડિયાભાઈ, રહે. જલાઈ, તા. ફતેપુરા, જિ. દાહોદના ઓએ તેઓના પુત્ર/પુત્રી નામે 1, પારગી બિપીનભાઈ માલજીભાઈનો જન્મ તા.18-12-2021. 2, પારગી રાધિકાબેન માલજીભાઈ નોભાઈ તા.05-10-2019ના રોજ મોજે, જલાઈ, તા. ફતેપુરા, જી. દાહોદ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ ગ્રામ પંચાયત જલાઈ ખાતે કરવાની રહી ગયેલ છે તો આ કામના સામાવાળાના નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધા હરકત સરખું હોય તો તેમણે જાતે અગર તેમના સરમુખત્યાર અથવા મહિલા મારફતે અત્રેની કોર્ટ ખાતે હાજર રહેવા મુદત તા. 19/05/2025ના રોજ બપોરના 12:00 કલાકે રાખેલ છે. તો વાંધો તકરા સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તારીખ 8મી મે 2025ના રોજ મારી સહી તથા કોર્ટના સીક્કો કરી આપ્યો.

સહી....(એસ.જી.ડામોર) એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ ફતેપુરા